# આજથી અણ્ણાના બેમુદતી ઉપવાસ

નવી દિલ્હી, તા. ૨૪

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારેએ અગાઉનાં નિર્ણયને બદલી નાંખીને આજે કહ્યું હતું કે, તેઓ ટીમની સાથે જ અચોક્કસ મુદતનાં અનશન ઉપર આવતીકાલથી બેસશે. બીજીબાજુ અણ્ણાએ સરકારને સાફ શબ્દોમાં ચેતવણી આપતાં કહ્યું છે કે, જો ત્રણ-ચાર દિવસમાં તેમની માંગને સરકાર સ્વીકારી લેશે નહીં તો સરકારને નવેસરથી જેલભરો આંદોલનનો સામનો કરવો પડશે. અણ્ણાએ સરકારને અલ્ટીમેટમ આપીને આ મુજબની ચેતવણી આપી દેતાં યુપીએ સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આવી પહોંચ્યા બાદ અણ્ણાએ કહ્યું હતું કે, તેઓ ઉપવાસ પર જઈ રહ્યા છે. તેમનાં નજીકનાં સાથી અરવિંદ કેજરીવાલે આજે બપોરે ટ્વિટર પર આ મુજબની માહિતી આપી હતી. ટીમ અણ્ણાનાં પ્રવક્તાએ કહ્યું હતું કે, અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદીયા અને ગોપાલ રાયની સાથે અણ્ણા પણ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરશે. અગાઉ અણ્ણાએ જાહેરાત કરી હતી કે, આરોગ્યની તકલીફનાં કારણે તેઓ ભાગ લેશે પરંતુ ઉપવાસ કરશે નહીં. ટીમનાં ત્રણ સભ્યોએ ભૂખ હડતાળ પર બેસવાની વાત કરી હતી. પ્રધાનો સામે તેમનાં દ્વારા મૂકવામાં આવેલાં આક્ષેપોમાં તપાસ કરવા ખાસ તપાસ ટીમની રચના કરવા, સાંસદો સામે કેસ ચલાવવા ફાસ્ટટ્રેક કોર્ટની રચના કરવા અને મજબૂત લોકપાલ બિલ લાવવાની અણ્ણાની મુખ્ય ત્રણ માંગ છે. સરકાર ઉપર દબાણી તીવ્ર કરવાની ટીમ અણ્ણાની વ્યૂહ રચનાના ભાગરૂપે આને ગણવામાં આવે છે. હવે આવતીકાલથી રાષ્ટ્રીય પાટનગર દિલ્હી ફરી હોટસ્પોટ બની જશે.

સભ્યો આક્રમક મુડમાં દેખાઈ રહ્યા છે. આવતીકાલે ૨૫મી જુલાઈના દિવસે જંતર મંતર પર થનાર અનશનની તમામ તૈયારી કરી



જંતર મંતર ઉપર અનશન કરવા માટે ટીમ કેજરીવાલે તમામ તૈયારી કરી લીધી છે. ટીમ કેજરીવાલના પ્રથમ શોને લઈને લેવામાં આવી છે. અણ્ણા પોતે મંગળવારના દિવસે પહોંચી ગયા હતાં. ટીમ કેજરીવાલના જણાવ્યા મુજબ લોકો ભ્રષ્ટાચારના મામલા પર એકમત થઈ રહ્યા છે. આ વખતે પણ ભ્રષ્ટાચારની સામે લોકો એક સાથે આવશે. આ વખતે પડકાર વધુ જટીલ છે. આ વખતે અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા, ગોપાલ રાય અનશન ઉપર બેસશે. અલબત ટીમ કેજરીવાલ બાબા રામદેવની સાથે મંચ પર બેસવાને લઈને ખુશ નથી. દિલ્હી, એનસીઆર, હરિયાણા અને ઉત્તર પ્રદેશમાં વધુ ધ્યાન આપવામા આવી રહ્યું છે કારણ કે અહીથી લોકો પહોંચશે. જંતર મંતર પરથી લાઈવ વેબકાસ્ટ કરવામાં આવશે. ૪ હજાર લોકો રજીસ્ટ્રેશન કરાવી ચુક્યા છે. હાલમાં રાતમાં જંતર મંતર પર રોકાવવા એક હજાર લોકોની વ્યવસ્થા કરવામાં આવી છે. જંતર મંતર પર ડોનેશન કાઉન્ટર રાખવામાં આવશે.

## ટીમ અણ્ણાની ત્રણ મુખ્ય માંગ

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે આવતીકાલીથી ફરી અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર ઉતરવાનો નિર્ણય કરી ચૂક્યા છે. ત્રણ મુખ્ય માંગણીઓને લઈને ભૂખ હડતાળ શરૂ થઈ રહી છે જેથી રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં જંતરમંતર ફરી એકવાર હોટસ્પોટ બની ગયું છે.

- સામાજિક કાર્યકર અણ્ણા હજારે આજથી અચોક્કસ મુદતની ભૂખ હડતાળ પર
- અગાઉનાં નિર્ણયને બદલી નાંખીને કેજરીવાલ, સિસોદીયા, ગોપાલ રાય સાથે ભૂખ હડતાળ પર જવા નિર્ણય લીધો
- આરોગ્યની તકલીફ તરફ ધ્યાન આપ્યા વગર અણ્ણા આક્રમક મૂડમાં
- ત્રણ-ચાર દિવસમાં માંગણી સ્વીકારી લેવા સરકારને અલ્ટીમેટમ
- માંગણી નહીં સ્વીકારાય તો જેલભરો આંદોલન હાથ ધરવાની ચેતવણી
- અણ્ણા હજારે સરકાર પર દબાણ વધારવાનાં હેતુસર દિલ્હી પહોંચ્યાં
- પ્રધાનો સામે તેમનાં દ્વારા કરવામાં આવેલાં આક્ષેપોમાં તપાસ કરવા ખાસ તપાસ ટીમની રચના કરવાની માંગણી
- સાંસદો સામે કેસ ચલાવવા ફાસ્ટટ્રેક કોર્ટની રચના કરવા માંગ
- મજબૂત લોકપાલ બિલની માંગણી
- રાષ્ટ્રીય પાટનગર દિલ્હી આજથી ફરી હોટોસ્પોટ બનશે
- જંતરમંતર પર મોટી સંખ્યામાં સમર્થકો પહોંચે તેવી શક્યતા
- આવનારા દિવસો સરકાર માટે પડકારરૂપ સાબિત થઈ શકે છે
- ૩૫ પ્રધાનો પૈકી ૧૫ ભ્રષ્ટાચારનાં આરોપોનો સામનો કરી રહ્યા છે
- આંદોલનને તીવ્ર બનાવાવ ટીમ અણ્ણા લડાયક મૂડમાં
- આ વખતે દાન સ્વીકારવામાં આવશે

# મારૂતી સુઝુકી તેના માનેસર પ્લાન્ટમાં મોટી સંખ્યામાં વર્કરોની હકાલપટ્ટી કરે તેવી શક્યતા

નવી દિલ્હી, તા. ૨૪

મારૂતી સુઝુકી તેના હિંસાગ્રસ્ત માનેસર પ્લાન્ટમાં મોટી સંખ્યામાં વર્કરોની હકાલપટ્ટી કરે તેવી શક્યતા છે. મળેલી માહિતી મુજબ માનેસર હિંસા બદલ ૧૫૦૦ કાયમી વર્કરો પૈકીના ૬૦૦ની આસપાસની હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. મારૂતી સુઝુકી કોઈપણ સંજોગોમાં હિંસાને ચલાવી લેવા ઈચ્છુક નથી. મારૂતીના એમડી અને સીઈઓ સિંઝો નાકાનીશીએ કહ્યું છે કે હિંસાના સંબંધમાં અમે કોઈ પણ સમાધાનના મૂડમાં નથી. એવો અંદાજ મુકવામાં આવ્યો છે કે ૫૦૦-૬૦૦ની હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. હિંસામાં સામેલ રહેલા વર્કરોને પરત લેવાનો કોઈ પ્રશ્ન નથી. મારૂતીના આક્રમક મૂડના કારણે હાલત કફોડી બની ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે બુધવારે મારૂતીના માનેસર પ્લાન્ટમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી જેમાં એક સિનીયર મેનેજરનું મોત થયું હતું અને ૯૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં મારૂતીના અધિકારીઓએ કહ્યું છે કે કે આગામી દિવસોમાં મારૂતીના માનેસર પ્લાન્ટને લઈને કોઈ આક્રામક નિર્ણય કરવામાં આવી શકે છે. હાલમાં



માત્ર ભાડુતી તત્વોને કઠોર સંદેશો આપવાના હેતુસર જ નહીં બલ્કે પ્લાન્ટમાં શિસ્ત જળવાય તે હેતુસર પગલાં લેવામાં આવનાર છે. પ્રોડક્શનની શરૂઆત થયા બાદ કોઈપણ પ્રકારની હિંસા ન થાય તે હેતુસર પગલાં લેવામાં આવશે. અમારા કર્મચારીઓની સુરક્ષાની ખાતરી કરવા તમામ પગલાં લેવામાં આવશે.

એવા સંકેત પણ મળી રહ્યા છે એવી ચર્ચા ચાલી રહી હતી કે મારૂતીના પ્લાન્ટને અન્યત્ર ખસેડવામાં આવશે પરંતુ આ યોજન હવે પડતી મૂકી દેવામાં આવી છે. આશરે ૨૫૦ વર્કરોને ક્લીનચીટ મળી શકે છે કારણ કે અગાઉ પણ મેનેજમેન્ટ સામે કોઈ પ્રવૃત્તિમાં તેઓ સામેલ રહ્યા નથી. ૧૬૦ વર્કરોએ ગુડ કન્ડક્ટ બોન્ડ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. મારૂતી પ્લાન્ટમાં હિંસાને લઈને હાલ તર્કવિતર્કોનો દોર ચાલી રહ્યો છે.

# આસામમાં સ્થિતિ વિસ્ફોટક : રાજધાની ટ્રેન પર હુમલો

ગુવાહાટી, તા. ૨૪

આસામનાં હિંસાગ્રસ્ત બોડોલેન્ડ ક્ષેત્રીય જિલ્લાઓમાં નવેસરથી હિંસાના કારણે સ્થિતિ વિસ્ફોટક બની ગઈ છે. છેલ્લાં ઘણાં દિવસથી જારી હિંસામાં મોતનો આંકડો ઝડપથી વધીને ૨૫ઉપર પહોંચી ગયો છે. હિંસાગ્રસ્ત વિસ્તારમાં સ્થિતિને કાબુમાં લેવા માટે દેખો ત્યાં ઠારના આદેશો જારી કરાયા છે. હિંસા નવા વિસ્તારમાં પણ ફેલાઈ રહી છે. દરમિયાન આજે કેટલાંક લોકોએ આસામમાં રાજધાની એક્સપ્રેસ પર હુમલો કર્યો હતો. જોકે આ બનાવમાં કોઈને ઈજા થઈ નથી. વણઓળખાયેલા લોકોએ ગુવાહાટી જતી રાજધાની એક્સપ્રેસ પર કોકરાઝાર જિલ્લામાં ગોસાંઈગાંવ ખાતે પથ્થરમારો કર્યો હતો અને ટ્રેનનાં કોચને નુકસાન પહોંચાડ્યું હતું. પથ્થરમારા અને તોડફોડનાં બનાવમાં ચાર કોચને નુકસાન થયું છે. નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલવેનાં સૂત્રોએ કહ્યું છે કે, ટ્રેન પર હુમલો કરાયા બાદ સાવચેતીના પગલારૂપે ટ્રેનને કામખ્યાગુડી સ્ટેશને રોકી દેવામાં આવી હતી. છુટાછવાયા હિંસા અને આગના બનાવો આજેપણ જારી રહ્યા હતાં. જે વિસ્તારમાં સ્થિતિ વધુ વિકટ બનેલી છે તેમાં કોકરાઝાર, ચિરાંગ અને ઢુબરી જિલ્લાનો સમાવેશ થાય છે. આસામનાં મુખ્યમંત્રી





તરૂણ ગોગોઈ પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે. દરમિયાન વડાપ્રધાન મનમોહનસિંહે કોકરાઝાર અને ચિરાંગમાં સ્થિતિને કાબુમાં લેવા સંભવિત તમામ પગલા માટે આસામના મુખ્યમંત્રીને સૂચના આપી છે. બીજીબાજુ ભાજપ અને કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ પરિસ્થિતિની સમીક્ષા કરવા પહોંચી ચૂક્યું છે.

અચોક્કસ મુદતની સંચારબંધી હવે લાગુ કરી દેવામાં આવી છે. બીજી બાજુ જિલ્લાના આંતરિક વિસ્તારોમાં વંશીય હિંસામાં મોતનો આંકડો વધીને ૨૧ ઉપર પહોંચી ગયો છે. ગઈકાલે આ જિલ્લામાંથી વધુ ચાર લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. લઘુમતી સમુદાયના માયગ્રન્ટ લોકો અને બોડો આદિવાસીઓ વચ્ચે લોહિયાળ હિંસા આસપાસના વિસ્તારોમાં પણ ફેલાઈ ગઈ છે. ચિરાંગ જિલ્લામાં પણ હિંસાની આગ ફેલાઈ ગઈ છે. હજુ સુધી ચિરાંગ જિલ્લામાં ચાર લોકોના મોત થઈ ચૂક્યા છે. બાકીના ૨૧ લોકોના મોત કોકરાઝાર વિસ્તારમાં થયા છે. પોલીસના જણાવ્યા મુજબ નાલબેરી, ગોસાઈગામ, ડોટોમા, મોકરાજન, તુલસીબારી વિસ્તાર, ફકીરાગ્રામમાં પણ નવેસરની હિંસા અને આગના બનાવ બન્યા છે. અહીં ઘણા મકાનોને આગ ચાંપી દેવામાં આવી છે.

આંતરિક વિસ્તારોમાં આગ અને લૂંટફાટના બનાવો અને નવેસરથી હિંસાના બનાવો બન્યા બાદ સેનાએ ફ્લેગમાર્ચ યોજીને સ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસ કર્યા છ.

સેના અને પોલીસ દ્વારા સ્થિતિને શાંત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે ત્યારે હિંસા બેકાબૂ બનેલી છે. ટોળાને અલગ પાડવા માટે પોલીસને હવામાં ગોળીબાર કરવાની અને લાઠીચાર્જ કરવાની ફરજ પડી છે. અન્ય એક બનાવમાં ભાડુતી તત્વોએ સાપૂતગ્રામ ખાતે બોડોલેન્ડ લિબરેસન ટાઈગર્સના એક કેમ્પને આંગ ચાપી દીધી હતી. કોકરાઝાર અને ચિરાંગ જિલ્લામાં સૂત્રોએ કહ્યું છે કે જુદા જુદા રાહત કેમ્પોમાં ૫૦૦૦૦ લોકો આશરો લઈ રહ્યા છે. કોકરાઝાર જિલ્લામાં દેખો ત્યાંથી ઠાર કરવાના આદેશ જારી કરાયા છે. સાથે સાથે અચોક્કસ મુદતની સંચારબંધી લાગુ કરવામાં આવી છે. ચિરાંગ અને ઢુબરી જિલ્લામાં રાત્રી કરફયુ લાગુ કરવામાં આવ્યા છે. કુકરાઝાર અને ધુબરીમાં સેના તૈનાત કરવામાં આવી છે. પરિસ્થિતિને પહોંચી વળવા અર્ધલશ્કરીદળોની ૧૮ કંપનીઓ ગોઠવવામાં આવી છે. કોકરાઝાર જિલ્લામાં આશરે ૫૦,૦૦૦ લોકો રાહત કેમ્પમાં છે.

# મુંબઈ હુમલામાં અનેક ભારતીય લોકો પણ સામેલ હતા : જુંડાલ

**મુંબઈ ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓ દ્વારા પૂછપરછ હજુય જારી : ભારતીઓની સંડોવણીના સંબંધમાં વધારે તપાસ**

મુંબઈ, તા. ૨૪

મુંબઈ ક્રાઈમબ્રાન્ચના અધિકારીઓ દ્વારા પૂછપરછ દરમિયાન કુખ્યાત આતંકવાદી અને ૨૬/૧૧ના હુમલાને અંજામ આપનાર આતંકવાદીઓના હેન્ડલર અબુ જુંડાલે પૂછપરછ દરમિયાન કહ્યું છે કે મુંબઈ હુમલામાં અનેક ભારતીય લોકો પણ સામેલ હતા. અબુ જુંડાલને ગયા સપ્તાહમાં દિલ્હીથી મુંબઈ લાવવામાં આવ્યો હતો. ચાર વર્ષ અગાઉ મુંબઈના તત્કાલિન પોલીસ કમિશનર હસન ગફુરે આ અંગેનો ખુલાસો કર્યો ત્યારે સરકારે આ દાવાને ફગાવી દીધો હતો. પરંતુ હવે જુંડાલે આ અંગેની કબૂલાત કરી છે. ગફુરે ચાર વર્ષ અગાઉ કહ્યું હતું કે મુબઈ હુમલામાં ૧૬ ભારતીય સામેલ હતા. ક્રાઈમબ્રાન્ચના એક અધિકારીએ જુંડાલ દ્વારા કેટલાક ભારતીઓના કાવતરાને સામેલ હોવાને લઈને આપેલા નિવેદન અંગે વધુ માહિતી આપી નથી.પરંતુ માત્ર એટલું જ કહ્યું છે કે આમા ભારતીઓ પણ સામેલ હતા. અબુ જુંડાલ ૨૬/૧૧ પહેલા અને બાદ પાકિસ્તાન અને ભારતમાં અનેક આતંકવાદીઓ અને કટ્ટરપંથીઓના સંપર્કમાં હતો. જુંડાલ કહી ચુક્યો છે કે ૨૬/૧૧ના કાવતરામાં ઓગસ્ટ ૨૦૦૮માં તેને સામેલ કરવામાં આવ્યો હતો. કરાચીના કન્ટ્રોલ રૂમ અંગે પણ જુંડાલે માહિતી આપી છે. કરાચી રૂમમાંથી મુંબઈ હુમલાને અંજામ આપનાર આતંકવાદીઓને જરૂરી સુચનાઓ અપાઈ હતી.

# ભારત પાસે ૮૦ થી ૧૦૦ ન્યૂક્લિયર વોર-હેડ

નવીદિલ્હી, તા. ૨૪

ભારત પાસે ૮૦થી ૧૦૦ ન્યૂક્લિયર વોરહેડ હોવાની બાબત સપાટી પર આવી છે. બે ટોચનાં અમેરિકન વૈજ્ઞાનિકોએ આ મુજબનો દાવો કર્યો છે. ભારત હવાઈ, જમીન અને દરિયાઈ આધારિત પરમાણુ સક્ષમ દેશ છે. ભારત પાસે વેપન આધારિત પ્લુટોનિયમ વિકસિત કરવાની ક્ષમતા છે. ભારત ૫૨૦ કિલોગ્રામ હથિયારો આધારિત પ્લુટોનિયમ વિકસિત કરી શકે છે જે ૧૦૦થી ૧૩૦ પરમાણુ બોમ્બ બનાવી શકે છે. બુલેટિન ઓફ એટોમિક સાયન્ટીસ્ટમાં બે ટોચના વૈજ્ઞાનિકોએ આ મુજબની વાત કરી છે. ન્યૂક્લિયર ઈન્ફર્મેશન પ્રોજેક્ટનાં અધિકારી અને તેમનાં સાથી રોબર્ટ એસ. મોરીસે આ મુજબની વાત કરી છે. હંસ ક્રિસ્ટીન અને તેમનાં સાથી નોરીસે કહ્યું છે કે, ભારત પાસે ૮૦થી ૧૦૦ ન્યૂક્લિયર વોરહેડ છે. વિશ્વમાં હથિયારો મામલે ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે ત્યારે અમેરિકી નિષ્ણાંતોએ આ મુજબની જાહેરાત




કરી છે. ભારત અતિઆધુનિક ક્ષમતા ધરાવે છે. આમાં એમપણ જણાવે છે કે, હાલમાં વિકસિત કરવામાં આવી રહેલી નવી મિસાઈલોનાં ભાગરૂપે નવા વોરહેડ બનાવવાની જરૂરિયાત ઉભી થઈ છે. મુંબઈ નજીક ધ્રુવ પ્લુટોનિયમ પ્રોડક્શન રિએક્ટર પણ મહત્વપૂર્ણ છે. ભારત વિશાખાપટ્ટનમ નજીક બીજાં રિએક્ટરનાં નિર્માણની યોજના ધરાવે છે. પૂર્વીય દરિયાકાંઠા પર આ રિએક્ટર બનાવવામાં આવશે. આ ઉપરાંત કાલપાકમ નજીક ઈન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચમાં પણ પ્રોટો ટાઈપ ફાસ્ટ બ્રીડર રિએક્ટર બનાવવાની યોજના ભારત ધરાવ છે, આનાથી આ રિએક્ટર એક વખતે ઓપરેશનમાં આવી ગયા બાદ પ્લુટોનિયમ પ્રોડક્શનની ક્ષમતા વધી જશે. ભારત પોતાની ક્ષમતા ઝડપથી વિકસિત કરી રહ્યું છે. ૧૯ એપ્રિલનાં દિવસે અગ્નિ-૫ બેલાસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું જેની રેન્જ ૫૦૦૦ કિલોમીટરથી વધારે છે. આ મિસાઈલ ચીનમાં કોઈપણ ટાર્ગેટ સુધી પહોંચી શકે છે. અગ્નિ-૫ અતિઆધુનિક મિસાઈલ છે. ભારત, પાકિસ્તાન અને ચીન વચ્ચેનાં સંબંધો હંમેશા જટિલ રહ્યા છે. પાકિસ્તાન પણ શાહિન-૧એ મિડિયમ રેન્જની બેલાસ્ટિક મિસાઈલ તૈયાર કરી ચૂક્યું છે.

# ચાર સર્કલમાં ઓપરેશનને ઘટાડવા યુનિનોરનો નિર્ણય

નવીદિલ્હી, તા. ૨૪

યુનિનોરે આજે કહ્યું હતું કે, તે ચાર ટેલિકોમ સર્કલ તમિળનાડુ, કેરળ, કર્ણાટક, ઓરિસ્સામાં તેનાં ઓપરેશન ઘટાડશે જ્યારે સ્પેક્ટ્રમ હરાજી અંગે જારી રહેલી અનિશ્ચિતતા વચ્ચે ૯ અન્ય વિસ્તારોમાં ધ્યાન કેન્દ્રિત કરશે. ગુજરાતમાં ઓપરેશનને વધુ મજબૂત બનાવાશે. હરાજીને લઈ જારી રહેલી અનિશ્ચિતતાના અનુસંધાનમાં યુનિનોર મેનેજમેન્ટે તેનાં ૧૩ વાણિજ્ય રીતે સર્કલો પૈકી ૯ને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય કર્યો છે. કંપનીએ એક નિવેદન જારી કરીને આ મુજબની વાત કરી છે. ઉત્તર પ્રદેશ પૂર્વ, ઉત્તર પ્રદેશ પશ્ચિમ, બિહાર, ઝારખંડ, કોલકાતા, પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશ, મુંબઈ, મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાતમાં ઓપરેશનને વધુ મજબૂત બનાવાશે. કંપની મજબૂત નાણાંકીય અને ઓપરેશનલ સ્થિતિ મેળવવા ઈચ્છુક છે. યુનિનોર આ ચાર સર્કલમાં ૬.૮ મિલિયન કસ્ટમર ધરાવે છે. ૪૦૦ સીધા કર્મચારીઓ ધરાવે છે. આ કર્મચારીઓને અન્ય સર્કલોમાં ટ્રાન્સફર કરાશે. કંપનીની બહાર સુરક્ષિત રોજગારી આપવાની હિલચાલ છે. યુનિનોર જેમાં નોર્વેની કંપની ટેલિનોર ૬૭ ટકા હિસ્સેદારી ધરાવે છે. યુનિનોરનાં લાયસન્સ પણ રદ કરવામાં આવ્યા હતાં. સુપ્રિમ કોર્ટે ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં ૧૨૨ લાયસન્સ રદ કરી દીધાં હતાં, તેનાં ૨૨ લાયસન્સ રદ કરવામાં આવ્યા હતાં. સુપ્રિમ કોર્ટે ૩૧ ઓગસ્ટ સુધી નવેસરથી હરાજીનો આદેશ આપ્યો હતો. મે મહિનાનાં અંત સુધીમાં યુનિનોર ૪૫ મિલિયન ગ્રાહકો ધરાવતી કંપની હતી. અનિશ્ચિત પર્યાવરણનાં કારણે તેને અસર થઈ છે. ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ૩૬૨૨ કરોડની બેઝ કિંમત એરવેવ માટે રાખવાની વાત કરી છે.

## Hello ફ્રેન્ડઝ ! (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

ઘરની લક્ષ્મી પાસેથી એક જ અપેક્ષા એણે ઘરનાં દરેક કામો કરતી વખતે એનાં મગજને તાળું મારી દેવાનું. એણે સતત પતિનું અને સાસુ-સસરાંનું સાંભળી એમની પરવાનગી લઈને જ કામ કરવાનું. અને જો એ તેમ ના વર્તે તો એનામાં કંઈક ગડબડ છે, એમ કહી એને સુધારવાની, અને સુધરી તો ઠીક નહીં તો 'લાતોં કે ભૂત બાતોં સે નહીં માનતે' કહી બે ઠોકવામાં કંઈક જ ખોટું નથી કહી ફટકારવાની!! આવું બધું વાંચીને તમને આંચકો લાગ્યો હશે ને? આપણે એકાદી ટી.વી. સીરીયલ તો નથી જોતા ને? જેમાં પેલી બિચારી 'બહુ' એની સહનશીલતાથી શ્રેષ્ઠ બની જાય, એવી જ અપેક્ષા કરવાની!! અને આપણી બહેનો પણ એવું જ માને છે કે ઘર માટે તો આટલું કરવું જ પડે ને?

પ્રેમમાં વ્યક્તિ ચિડાય, ગુસ્સે ભરાય, ઝઘડે, અપમાનની આગ જોડીદાર પર વરસાવે અને એ જ ગુસ્સો કાબુ બહાર જતાં હાથ પણ ઉપાડે આમાં મોટા ભાગનાં કિસ્સામાં પુરૂષે જ પત્ની કે ગર્લફ્રેન્ડને મારવાની ઘટનાઓ બને છે. મારઝૂડનાં કિસ્સા માત્ર લગ્ન બાદ જ બને છે એવું ય નથી. ગર્લફ્રેન્ડ્ પર પર અજમાવાય છે... મનુષ્યની દરેક ભાવના નૈસર્ગિક હોય છે, ભાવનાનાં આવેશમાં પ્રેમમાં પડેલી વ્યક્તિઓ ક્યારેક ભૂલ ખરેલું વિચિત્ર વર્તન કરી મારઝૂડ પર ઉતરી આવતાં હોય છે!!

**ચૂટલો :**

પ્રેમનાં સંબંધમાં કોઈ પણ વાતનો ગમે તેટલો ગુસ્સો આવે, મન અકડાઈ ઉઠે તોય એકબીજા પ્રત્યે આદર અને વિશ્વાસ અત્યંત જરૂરી છે. જે ક્ષણે આપણે આપણાં જોડીદાર પર હાથ ઉપાડીએ છીએ ત્યારે એકબીજા પ્રત્યેનાં આદર અને વિશ્વાસમાં તિરાડ પડી જાય છે.

## ગુજરાત-રાજસ્થાન ઉપર દુષ્કાળના વાદળો ઘેરાયા

નવી દિલ્હી,તા. ૨૪

કર્ણાટક, મહારાષ્ટ્રના ઘણા ભાગો, ગુજરાત અને રાજસ્થાનમાં દુષ્કાળનું સંકટ તોળાઈ રહ્યું છે. હાલના તબક્કે લોગ ટર્મ એવરેજ કરતાં ૨૩ ટકા ઓછો વરસાદ છે પરંતુ વધુ ૧૫ દિવસ સુધી પરિસ્થિતિને જાણવા રાહ જોવામાં આવશે. કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્યાન અને જાહેર વિતરણ પ્રધાન કેવી થોમર્સે એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથે વિસ્તારપૂર્વક વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે કઠોળનું ઉત્પાદન ઘટે તેવી શક્યતા છે. કિંમતો વધવાના પણ સંકેતો દેખાઈ રહ્યા છે. કઠોળ અને તેલીબિયાને લઈને સમસ્યા છે. અનાજ ઉત્પાદન અને શેરડીનું ઉત્પાદન પણ આ વખતે ઓછું રહેવાની શક્યતા છે.

# ડીઝલ અને એલપીજીની કિંમતમાં વધારો કરવાની હિલચાલ શરૂ

નવીદિલ્હી, તા. ૨૪

પેટ્રોલની કિંમતમાં લિટર દીઠ ૭૦ પૈસાનો વધારો કરવામાં આવ્યા બાદ ઓઈલ મંત્રાલયે હવે ડીઝલ અને એલપીજીની કિંમતમાં વધારો કરવા હિલચાલ હાથ ધરી દીધી છે. અલબત્ત આ હિલચાલને યુપીએનાં સાથી પક્ષો તરફથી ટેકો મળશે નહીં પરંતુ પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને પેટ્રોલ બાદ હવે ડીઝલ અને એલપીજીની કિંમતમાં પણ વધારો ઝીંકવામાં આવશે. ઓઈલ મંત્રાલયના ટોચનાં અધિકારીઓએ માહિતી આપતાં કહ્યું છે કે, સૌથી મહત્વપૂર્ણ સુધારા પ્રક્રિયા હવે હાથ ધરવામાં આવનાર છે જેનાં ભાગરૂપે રિટેલમાં એફડીઆઈને મંજુરી આપવામાં આવશે નહીં પરંતુ ડીઝલ, એલપીજી, કેરોસીન પર સબસીડીમાં કાપ મૂકવામાં આવશે નહીં. અધિકારીએ એમપણ કહ્યું હતું કે, આ મામલે સંપૂર્ણપણે સર્વસંમતિ છે કે ડીઝલ, એલપીજી અને કેરોસીનની કિંમતમાં વધારો કરવામાં આવે પરંતુ આ વધારો કેટલો અને કેવી રીતો થવો જોઈએ તે અંગે દુવિધાભરી સ્થિતિ છે. તેમણે એમપણ કહ્યું હતું કે, ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી ૭ ઓગસ્ટે યોજાનાર છે જેથી આ પહેલાં રેટમાં વધારો કરી શકાય નહીં. સંસદનાં મોનસૂન સત્ર બાદ તરત જ કિંમતોમાં વધારો કરવામાં આવી શકે છે. ડીઝલ, એલપીજી, કેરોસીનની કિંમતમાં ગયા વર્ષે ૨૫ જુન બાદથી કોઈ વધારો કરવામાં આવ્યો નથી. અલબત્ત ક્રુડ ઓઈલનો ખર્ચ અનોકગણો વધી ગયો છે. અમેરિકી ડોલર સામે રૂપિયામાં વધારો થયો છે. આયાત વધુ મોંઘી થઈ છે. ઓઈલ કંપનીઓને હાલ એલપીજી સિલિન્ડરનાં વેચાણ પર ૩૧૯ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે જ્યારે કેરોસીન ઉપર લિટર દીઠ ૨૮.૫૬નું નુકસાન થઈ રહ્યું છે. ભાવ વધારા વગર ફ્યુઅલનાં આ વેચાણ પર નુકસાનનો આંકડો ૧૬૦૦૦૦ કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. આ ત્રણેય ફ્યુઅલની કિંમત અંગે નિર્ણય કરવા જેને જવાબદારી સોંપવામાં આવી છે તે પ્રધાન સ્તરની પેનલની રચના હજુસધી કરાઈ નથી કારણ કે અગાઉનાં વડા પ્રણવ મુખર્જીએ નાણા મંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું અને હાલમાં યોજાયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મુખર્જી રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની ગેરહાજરીમાં મંત્રાલય આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિને આ દરખાસ્ત મોકલવા વિચારી રહી છે. અંતિમ નિર્ણય વડાપ્રધાન કરશે.

## સોનાની કિંમતમાં ૧૦૦ રૂપિયાનો ઉછાળો રહ્યો

નવીદિલ્હી, તા. ૨૪

અમદાવાદ સોના-ચાંદી બજારમાં મંગળવારે ફરી એકવાર સોનાનાં ભાવમાં રૂપિયા ૧૦૦નો ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે ચાંદીના ભાવ સોમવારની સપાટીએ સ્થિર રહ્યા હતા. અમદાવાદમાં ૧૦ ગ્રામ સોનાના ભાવની વાત કરીએ તો મંગળવારે સોનાના ભાવ રૂપિયા ૧૦૦ના સુધારા સાથે રૂપિયા ૨૯૭૫૦થી ૨૯૮૫૦ની સપાટીએ બંધ રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે શનિવારથી ચાંદીએ સ્થિર સપાટી જાળવી રાખી છે. તેનાં ભાવમાં કોઈ સુધારો કે ઘટાડો જોવા મળ્યો ન હતો. દરમિયાન મુંબઈ, દિલ્હી અને દેશનાં અન્ય બુલિયન બજારમાં ઉથલપાથલની સ્થિતિ રહી હતી.